રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૦૨ કેસ

કોરોનાને લીધે ૯નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૨૩૬૫ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૯૯નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૮૩૬

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટચાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અક્સીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૩૦૨ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૨૪૬ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૨૨,૩૬૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૬,૭૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૭૨.૩૧ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૬,૪૫,૨૬૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૩૦૨ કેસ નોંધાયા છે. જ્યારે ૧૨૪૬ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૨૨,૩૬૫ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૫.૭૫% ટકા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૯૯,૬૧૨ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૯૯,૧૬૪ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૪૪૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૫.૭૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૬૮૩૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૭ છે. જ્યારે ૧૬૭૪૯ લોકો સ્ટેબલ છે. ૧૨૨૩૬૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૪૯૯ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૯ લોકોનાં મોત નિપજયાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત ૩, રાજકોટ ૧, સુરત કોર્પોરેશન ૧, વડોદરા કોર્પોરેશનના ૧ દર્દીનું કોરોનાને કારણે નિપજ્યા છે. રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટચાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અક્સીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે.

ભાજપ-કોંગ્રેસ જે પક્ષ ટિકિટ આપશે ત્યાંથી લડીશ : સોમા પટેલ

રાજ્યસભાની ચૂંટણી હતી ત્યારે ટિકિટ ન મળતા કોંગ્રેસથી રાજીનામું આપ્યું હતું હજી કોઇ જ પક્ષમાં જોડાયા નથી

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકારણ ગરમાઈ રહ્યું છે. આજે લીંમડીનાં પૂર્વ ધારાસભ્યએ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે, મને કોંગ્રેસ કે ભાજપમાંથી જે પણ ટિકિટ આપશે હું તેમા જોડાઈશ. નોંધનીય છે કે, તેઓ હાલ કોઈ પક્ષમાં નથી. માર્ચ મહિનામાં જે રાજ્યસભાની ચૂંટણી હતી ત્યારે જ તેમણે ટિકિટ ન મળતા કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું હજી કોઈ જ પક્ષમાં જોડાયા નથી. લીંબડીનાં ધારાસભ્ય સોમાભાઈ પટેલ જણાવ્યું કે, મને જે પણ પક્ષ ટિકિટ આપશે તેમાં જોડાઈશ. જો ભાજપ ટિકિટ આપશે તો ભાજપમાં જોડાઈશ અને કોંગ્રેસ ટિકિટ આપશે તો કોંગ્રેસમાં જોડાઈશ. મારી બંન્ને પક્ષ સાથે વાત ચાલી રહી છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, ચૂંટણી માટે લોકોને મળવાનું શરૂ કરી દીધું છે, પ્રચાર શરૂં કરી દીધો છે. મતદારો પૂછતા નથી કે તમે કયા પક્ષમાંથી ચૂંટણી લડશો? ત્યારે તેમણે જણાવ્યું કે, જે અંગત હોય તે ન પૂછે, હું ભાજપમાંથી પણ જીત્યો છું અને કોંગ્રેસમાંથી પણ જીત્યો છું, મારા મતદારો અંગત છે, એમને પણ હું કહું છું કે, મને જે પક્ષ ટિકિટ આપશે તે પક્ષમાંથી ચૂંટણી લડીશ. તમે મને મત આપજો.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, કોંગ્રેસમાંથી જ ચૂંટણી લડવી હતી તો તમે ત્યાંથી રાજીનામું કેમ આપ્યું? એના જવાબમાં સોમા પટેલે જવાબ આપ્યો કે, રાજ્યસભામાં ટિકિટ ન આપી એટલે રાજીનામું આપી દીધું. અત્યારે કોઈ પાર્ટીમાં નથી તો જે પાર્ટી બોલાવશે ત્યાં જઈશું. આમા કોઈ પ્રતિષ્ઠાનો સવાલ ન થાય, રાજકારણમાં કોઈ પ્રતિષ્ઠાનો સવાલ ન થાય. જીત્યે એ પ્રતિષ્ઠા. આપણે ક્યારેય હારતા જ નથી. અમે લોકોની વચ્ચે રહ્યાં છે, લોકનાં કામ કર્યાં છે એટલે લોકો મત આપે છે. એટલે કોઈ પક્ષ સાથે લેવાદેવા નથી. મને લાગી રહ્યું છે કે, ભાજપ મને ટિકિટ આપશે. મહત્વનું છે કે, ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્રીજી નવેમ્બરે મતદાન યોજાશે અને દસમી નવેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે. સોમા પટેલની વાત કરીએ તો સુરેન્દ્રનગર જિલ્લાની લીમડી બેઠક પરથી કોંગ્રેસના વિસ્તારના અગ્રણી નેતા સોમા ગાંડા પટેલે રાજ્યસભાની ચૂંટણી પહેલાં રાજીનામું આપી દીધું હતું. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં સોમા ગાંડા પટેલે ભાજપના કિરીટસિંહ રાણાને ૧૪,૦૦૦થી વધુ મતોથી હાર આપી હતી. ૨૦૧૨માં પણ આ બેઠક પર આ જ બે ઉમેદવારો વચ્ચે સીધો જંગ થયો હતો અને પરિણામ પણ આ જ આવ્યું હતું. સોમા ગાંડા પટેલે કિરીટસિંહ રાણાને હાર આપી હતી.

સિંગલયુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ હોવા છતાં કાયદાનો કડક અમલ કરાવાતો ન હોવાથી તેનો ઉપયોગ વ્યાપક બન્યો છે. પ્રારંભે સૂરાની જેમ..! કાયદો અમલમાં આવ્યો ત્યારે મનપા દ્વારા ઠેર ઠેર કડક ચેકીંગ કરવામાં આવતુ હતુ પરંતુ હવે જાણે તેમાં સાવ ઢીલ મુકી દેવાઈ હોવાથી પ્લાસ્ટીકની ઝભલાં થેલીઓનો ઉપયોગ ઠેર ઠેર જોવા મળી રહ્યો છે. શાકમાર્કેટમાં જ્યાં જુઓ ત્યાં સિંગલયુઝ પ્લાસ્ટીકની થેલીઓ જોવા મળે છે. કાયદાઓનો સરેઆમ ભંગ થાય છે. તેમને રોકવા ટોકવાવાળુ જાણે કોઈ નથી.

ગાંધીનગરની સાફસફાઈ મનપા હસ્તક છે. સાફસફાઈ માટે કરોડોના કોન્ટ્રાક્ટ અપાય છે તેમ છતાં સાફસફાઈ અને કચરો ઉપાડવાની કામગીરી યોગ્ય રીતે થતી નથી. કચરો સમયસર ઉપાડવામાં ન આવતા કચરાપેટીની આસપાસ જ ખૂબ જ ગંદકી જોવા મળે છે. કચરાપેટીની આસપાસ પડેલો કચરો અને એઠવાડ ખાવા માટે ગાયોનો જમાવડો થાય છે.

૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવા સરકાર વિચારણા કરી રહી છે : નીતિન પટેલ

ગાંધીનગર,તા.૪

હાલ કોરોના કાળમાં નવરાત્રિની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પણ કોરોનાનાં વધતાં જતાં કેસોને લઈ સરકારે હજુ કોઈ પ્રતિક્રિયા આપી નથી. તેવામાં ગરબાના રસિકો માટે રાહતના સમાચાર મળી શકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે નવરાત્રિને લઈ મોટું નિવેદન આપ્યું છે. અને શેરી ગરબાને લઈ હાલ રૂપાણી સરકાર વિચારણા કરી રહી હોવાનું જણાવ્યું છે.

ડેપ્યુટી સીએમ નીતિન પટેલે નવરાત્રિ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, હાલ સરકારે શેરી ગરબા અંગે વિચારણા કરી રહી છે. અને ૨૦૦ લોકોની શરત સાથે ગરબાની મંજૂરી આપવામાં આવે તે અંગે હાલ સરકાર વિચારણા કરી રહી છે. કેન્દ્ર સરકારની અનલોક પની ગાઈડલાઈન મુજબ છૂટછાટ મળી શકે છે તેવા સંકેત પણ નીતિન પટેલે આપ્યા હતા. જો કે, પાર્ટી પ્લોટમાં થતાં ગરબાના મોટા કાર્યક્રમો પર રોક લગાવવામાં આવશે.

રાજ્યમાં આશરે સાત લાખથી વધુ લોકોનો સંપર્ક સાધી

કોરોના અંગે સાવચેતી અને સલામતીના સંદેશનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે પાંચ કોવિડ વિજય રથ

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો અને યુનિસેફ દ્વારા કોરોના અંગે સાવચેતી અને સલામતીના સંદેશનો પ્રચાર-પ્રસાર કોવિડ વિજય રથ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે વિજય રથની કૂચ રાજ્યના સીમાડાના જિલ્લામાં પહોંચી હતી. ૭ સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં આશરે સાત લાખ લોકોનો સંપર્ક સાધીને વિના મૂલ્યે આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓનું વિતરણ કર્યું હતું.

ઉત્તર ગુજરાત ઝોનના કોવિડ વિજય રથનું અરવલ્લી જિલ્લામા આગમન થઈ ચૂકયું છે, ત્યારે આજે ભિલોડા તાલુકાના શામળાજી વિષ્ણુ મંદિરથી ટ્રસ્ટ્રના મંત્રી શ્રી કનુભાઈ પટેલ અને મેડિકલ ઓફિસર ડો.ધવલ પટેલે રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથ ખોડંબા ગામ, ખેરંચા ગામ, ટીટોઈ ગામ, ઉમેદપુર ગામ ચોક વગેરે વિસ્તારોમાં રથે ભ્રમણ કર્યું હતું. રથ પર સવાર કલાકારોએ નાગરિકોને કોરોના જાગૃતિનો સંદેશ, સરકાર દ્વારા લોકો માટે કરવામાં આવેલી વિવિધ પહેલની માહિતી અને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને યોગ્ય પોષણની જાણકારી આપી હતી.

આજે જામનગરના નાઘેડી ગામથી સરપંચ શ્રી સુરેશભાઈએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન

કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથે જામનગરના નાઘેડી ગામ, લાખાબાવળ ગામ, મસીતીયા ગામ, ચેલા ગામ, નવાનગર વગેરે વિસ્તારોમાં ભ્રમણ કર્યું હતું. કલાકારોએ વિવિધ કળા નિદર્શન દ્વારા લોકોને સરકારની વિવિધ પહેલ અંગે માહિતગાર કર્યા અને કોરોના સાવચેતી અંગે જાગૃત કર્યા, સાથે જ લોકોમાં નિઃશુલ્ક આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું વિતરણ કર્યું.

આજે રથે પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાથી સવારે ૧૦ વાગે રાયણવાડિયા ગામથી પ્રસ્થાન કર્યું હતું. ગામના સરપંચ શ્રીમતી સુમિત્રાબેન વિજયભાઈ પરમાર તથા ઉપ સરપંચ વિઠ્ઠલભાઈ રાઠવાએ રથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન રથ ભમરીયા, શિવરાજપુર, નારૂકોટ, કારીયાવાવ વગેરે વિસ્તારોમાં ભ્રમણ કરીને કોરોના અંગે અને પોષણના મહત્વ વિશે જાગૃતિ સંદેશ પહોંચાડ્યો હતો તેમજ સ્થાનિકોમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓની કીટનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું.

અંગ્રેજોના સમયથી અધુરી નારેશ્વર મોટીકોરલની રેલવે લાઈનનુ કામ પુર્ણ કરવા ઉગ્ર માંગ

ગંગાની જેમ ગુજરાતમાં નર્મદા તિર્થનો વિકાસ કરવા પણ ભાવિકોએ રજુઆત કરી : રેલવે લાઇન, રોડ નેટવર્ક સહીતના જરૂરી કામો પુર્ણ કરવા ભાવિકોની માંગ

ગાંધીનગર તા ૪

નારેશ્વર ગરુડેશ્વર નર્મદા ઘાટના વિકાસ માટે હજુ પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી નથી. ગંગાની જેમ ગુજરાતમાં પણ નર્મદા તટના વિકાસ માટે જરૂરી વિકાસ કામો હાથ ધરવા પણ અનિવાર્ય છે. ત્યારે નારેશ્વર મોટીકોરલની અંગ્રેજોના સમયની અધુરી રેલવે લાઇનનુ કામ પુર્ણ કરવા માટે પણ ભાવિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ રેલવે લાઇનને અનુલક્ષી મોટીકોરલ ભાલોદ બ્રિજ બાંધવામાં આવે તો રંગઅવધુત એકસપ્રેસ, નારેશ્વર એકસપ્રેસના માધ્યમથી ૬ જયોર્તિલીંગની યાત્રા થઇ શકે તેમ છે. સરકારે આ દીશામાં ધ્યાન આપી ભાવિકોની માંગણી સંતોષવા જરૂરી પગલા લેવા પણ માંગણી કરવામાં આવી છે.

પુ રંગઅવધુત મહારાજની પુણ્યતિથી નિમિત્તે ગુજરાતના ચરણરજ તિર્થોની પરિક્રમા કરવાનો પણ અનોખો મહીમા છે. રાજયના ૧૬ થી ૩૦ તિર્થો પર નાગરિકોની આસ્થા છે. પરંતુ કેટલાક તિર્થો પર ચોપાટી, રિવર એક્સોટીકા અને પ્રોટેકશન દિવાલ નહી હોવાથી ગુજરાતમાં ગંગા કીનારાની જેમ તિર્થોનો વિકાસ પણ થયો નથી.ગુજરાતમાં ખંડ પરિક્રમા, પંચ કુબેર યાત્રા, ઉત્તર વાહીની પરિક્રમા તેમજ પંચકોશી નર્મદા પરિક્રમા જે ભાવિકોને ખ્યાલ છે તેઓ વર્ષમાં એકવાર કરે છે.ખંડ પરિક્રમા ૪૦૦ કી મી અંતરને અનુલક્ષીને ૧૫ દિવસ, ઉત્તરવાહિની એક દિવસ, પંચકોશી ૩ દિવસ થાય જયારે સમગ્ર પરિક્રમા પગપાળા કરતા ચાર થી પાંચ મહીના જેટલો સમય લાગે છે. જયારે વાહન મારફતે આ પરિક્રમા માટે ૨૧ દિવસનો સમય લાગે છે. જયારે પરિક્રમા દરમિયાન કન્યા ભોજન અને કડાઈનુ દાન વિશેષ માનવામાં આવે છે. આવા સંજોગોમાં ગુજરાતમાં નર્મદા માં ના કિનારે પણ હવે ગંગાની જેમ વિકાસના નવા અને અધુરા કામો હાથ ધરવાની અનિવાર્યતા છે. ગંગા કીનારાની જેમ રેવતી માતાની પણ આરતી થાય છે. દત્ત બાવની અને નર્મદા અષ્ટકમ પણ ગાવામાં આવે છે. પરિક્રમા દરમિયાન આ મુજબનુ આયોજન થાય તે પણ અનિવાર્ય છે. જેના લીધે આ વિસ્તારમાં આધ્યાત્મિક ચેતના વધુ જાગૃત થશે. નર્મદાને પિકનીક સાથે આધ્યાત્મિક સ્થળ બનાવવા માટે પણ જરૂરી પ્રયાસ હાથ ધરવાની અનિવાર્યતા છે. નર્મદા પેડી બનાવી સવાર સાંજ આરતીનો કાર્યક્રમ થાય તે પણ અનિવાર્ય છે. રંગ અવધુત, અનસુયાજી, કુબેરજી ટેમ્બે સ્વામીના નામે પેડી બનાવી આ તિર્થ સ્થાનને અદ્યતન રીતે વિકસાવવુ જોઇએ. ભાવિકો માટે અદ્યતન વ્યવસ્થા ઉભી કરવી પણ અનિવાર્ય છે. જયારે જરૂરી રોડ નેટવર્ક માટેના કામો માટે પણ આયોજન થાય તે પણ આવશ્યક બન્યુ છે. રેલવે લાઇનનુ પણ જરૂરી કામ હાથ ધરવા માંગ ઉઠવા પામી છે. વડોદરા ,કરજણ ગણપતપુરા ડભોઇ કરનાળી રેલવે લાઇન પુર્ણ થવાના આરે છે. જેના લીધે સરદાર એકસપ્રેસ રેવા એકસપ્રેસ આવતા વર્ષ સુધીમાં દોડશે. તેવી જ રીતે અંગ્રેજોના સમયથી અધુરી વડોદરા, કરજણ નારેશ્વર મોટીકોરલ લાઇનનુ કામ પણ પુર્ણ કરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે. આ લાઇનનુ કામ પુર્ણ થાય તો અવધુત શ્રવણ તિર્થ મેમુ પણ શરૂ કરી શકાય તેમ છે. આ રેલવે લાઇનને મોટીકોરલ અંગ્રેજોના સમયથી અધુરી લાઇનનુ કામ પુર્ણ કરી ભાલોદ બ્રિજ બાંધવામાં આવે તો ૬ જયોર્તિલીંગની યાત્રા કરી શકાશે.ગુજરાતના આ નર્મદા ચરણરજ તિર્થનો વિકાસ કરવાનો સમય આવી ગયો છે. ત્યારે સરકાર આ અંગે જરૂરી નિર્ણય લઇ ત્વરિત કામગીરી શરૂ કરાવે તેવી માંગ પણ ભાવિકોમાં ઉઠવા પામી છે.

વડગામના મુમનવાસમાં ગાંધી જયંતીએ હેન્ડવોશ કાર્યક્રમ યોજાયો

વડગામ તાલુકાના મુમનવાસ ગામમાં બીજી ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસે મુમનવાસ પ્રાથમિક શાળામાં ગ્રામ પંચાયતના સરપંચ અસરફભાઈ માકણોજીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં હેન્ડવોશના કાર્યક્રમમાં આવેલ મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય સેવાભાવી આગેવાનો હાજર રહ્યા હતા. જેમાં બીજી ઓક્ટોબર ગાંધી જયંતી નિમિત્તે હેન્ડવોશ અને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસની ઉજવણી કરી હતી. જેમાં આ કાર્યક્રમમાં ડેપ્યુટી સરપંચ ઈસ્માઈલભાઈ તેમજ અહમદપુરા ગ્રામ પંચાયતના સરપંચ ઈબ્રાહીમભાઈ અને હિતેશભાઈ પ્રજાપતિ, કમલેશભાઈ પ્રજાપતિ તેમજ સદસ્યો અને મુખ્ય સેવિકા રમીલાબેન મોદી અને આંગણવાડી કેન્દ્રના બહેનો તેડાગર બહેનો અને મુમનવાસ ગામની કિશોરીઓ હાજર રહેલ અને ગાંધી જયંતી નિમિત્તે હેન્ડવોશ અને રાષ્ટ્રીય સ્વચ્છતા દિવસની ઉજવણી કરી હતી.

ઓક્સફર્ડની વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાબિત થઈ રહી છે. અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે સરકાર દ્વારા વિચારણા હેઠળની યોજનાઓમાં આરોગ્યસંભાળ કર્મચારીઓના વિશાળ જૂથને રસી વહીવટ કરવાની મંજૂરી આપવી, ડ્રાઇવ થ્રૂ વેક્સીનેશન સેન્ટર્સ સ્થાપવા અને સશસ્ત્ર દળોની મદદ ભરતી શામેલ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની લિસ્ટ મુજબ હાલ વિશ્વભરમાં કોરોનાની ૯ રસી ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે.

છેલ્લા ૮ મહિનાથી કોરોના વાયરસે વિશ્વવ્યાપી વિનાશ સર્જી રહ્યો છે. આ રસી તાત્કાલિક મંજૂરી માટે તૈયાર છે કે કેમ તે જોવા માટે ડેટા એક મહિના પછી બહાર પાડવામાં આવશે. એકંદરે, અમે કહી શકીએ કે આવતા એક મહિનામાં કોરોના રસી વિશે ઘણા સારા સમાચાર મળી શકે છે.

૬૫ લાખને પાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલ દેશમાં ૯,૩૭,૬૨૫ કોરોનાના એક્ટિવ કેસો છે. જો કે રાહતની વાત એ છે કે, છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના નવા કેસો કરતાં સ્વસ્થ થનારા લોકોની સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધી કુલ ૫૫,૦૯,૯૬૭ સંક્રમિતો સારવાર બાદ સ્વસ્થ થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.

જ્યારે ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો ત્રીજી ઓક્ટોબર સુધી ૭,૮૯,૯૨,૫૩૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૧,૪૨,૧૩૧ ટેસ્ટ શનિવારે કરાયા છે. આ જાણકારી સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૩૦,૮૬૧ પર પહોંચી ચૂકી છે. જ્યારે આંધ્ર પ્રદેશમાં ૭,૧૩,૦૧૪ કોરોના પોઝિટિવ કેસ છે. આજ રીતે કર્ણાટકમાં ૬,૩૦,૫૧૬ તમિલનાડુમાં ૬,૧૪,૫૦૭ અને ઉત્તર પ્રદેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૪,૧૦,૬૨૬ પર પહોંચી ચૂકી છે. પશ્ચિમ બંગાળમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૨,૬૬,૯૭૪ અને અત્યાર સુધી ૫,૧૩૨ લોકોના મોત થયા છે. ઝારખંડમાં ૮૬,૨૭૭ કોરોના પોઝિટિવ કેસો છે, જ્યારે અત્યાર સુધી ૭૩૪ સંક્રમિતો મોતને ભેટ્યાં છે. આંકડાકિય દ્રષ્ટિએ ૭ ઓગસ્ટના કોરોનાના કુલ સંક્રમિતોનો આંક ૨૦ લાખને પાર થયો હતો જ્યારે ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૫૦ લાખ દર્દીઓ નોંધાયા હતા. ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખનો આંક પાર થયો હતો તેમજ ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ દર્દીઓનો આંકડો નોંધાયો હતો. એક સપ્તાહથી ઓછા સમયમાં વધુ પાંચ લાખ દર્દીઓ કોરોના સંક્રમિત થતા રવિવારે દેશમાં કુલ કોરોના દર્દીઓનો આંક ૬૫ લાખને વટાવી ગયો છે.

પાવર ગ્લાઈડર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રક્ષા પ્રવક્તાએ જણાવ્યું કે, નૌસેનાના ગ્લાઈડરે નિયમિત પ્રશિક્ષણ દરમિયાન આઈએનએસ ગરૂડથી ઉડાન ભરી હતી. ગ્લાઈડર લગભગ સવારે સાત વાગ્યે નેવી બેઝની પાસે થોપ્પુમપાડી પુલની નજીક દુર્ઘટનાનો શિકાર થઈ ગયું. તેઓએ જણાવ્યું કે ગ્લાઈડરમાં સવાર લેફ્ટનન્ટ રાજીવ જ્હા અને પૈટી ઓફિસર સુનીલ કુમારને દુર્ઘટના બાદ આઈએનએચએસ સંજીવની લઈ જવામાં આવ્યા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા. જાણી નથી શકાયું કે દુર્ઘટના પાછળનું કારણ શું હતું. દક્ષિણ નેવી કમાન્ડે બોર્ડ ઓફ ઈંક્વાયરીના આદેશ આપી દીધા છે.

આ પહેલા શનિવારે કર્ણાટકના કારવાડમાં પૈરાગ્લાઈડિંગ દરમિયાન થયેલી દુર્ઘટનામાં નૌસેનાના એક અધિકારીનું મોત થયું હતું, જ્યારે તેનો પ્રશિક્ષક બચી ગયો હતો. ઓફિશિયલ સૂત્રોનું કહેવું હતું કે અધિકારી અને તેનો પ્રશિક્ષક રબીન્દ્રનાથ ટાગોર કિનારા પર પૈરાગ્લાઈડર ઉડાવી રહ્યા હતા. આ દરમિયાન તેમાં કંઈક ખામી આવી ગઈ અને તે સમુદ્રમાં પડી ગયું. મૃતકની ઓળખ આંધ્ર પ્રદેશના નિવાસી મધુસૂદન રેડ્ડી (૫૬)ના રૂપમાં થઈ છે. તેઓ કારવાડમાં એક નૌસેના બેઝ પર તૈનાત હતા.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન :